# ફાઈનાન્સ બિલમાં કઠોર જોગવાઈઓ

## એક્સાઈઝ અને કસ્ટમ ડ્યુટીની ચોરીના મામલામાં ખૂબ કઠોર નીતિ નિયમો

નવી દિલ્હી,તા. ૪

નાણામંત્રી પી ચિદમ્બરમે આજે લોકસભામાં રજુ કરવામાં આવેલા ફાઈનાન્સ બિલ ૨૦૧૩માં ઘણી બધી કઠોર જોગવાઈ રાખવામાં આવી છે જેના ભાગરૂપે એક્સાઈઝ ડ્યુટી અને સર્વિસ ટેક્સની ચૂકવણી કરવામાં નિષ્ફળ રહેલા લોકોને ધરપકડનો સામનો કરવો પડશે. આ જોગવાઈ મુજબ એક્સાઈઝ અને કસ્ટમ ડ્યુટીની ચોરીના મામલામાં ખૂબ કઠોર નીતિ નિયમો રાખવામાં આવ્યા છે. ૫૦ લાખ સુધીની કર ચોરી માટે બિનજામીનપાત્ર ગુનો બનાવવામાં આવી રહ્યો છે. આવી જ રીતે સર્વિસ ટેક્સના કેસમાં ૫૦ લાખથી વધુની ટેક્સ રકમ જમા કરાવવામાં નિષ્ફળતાના કેસમાં સાત વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ કરવામાં આવી છે. ફાઈનાન્સ બિલમાં ચોક્કસ ગુનાઓ માટે લોકોની ધરપકડ કરવા વિશેષ સત્તાઓ રાખવામાં આવી છે. ખાસ કરીને સર્વિસે ટેક્સ વસૂલાતની સ્થિતિમાં ચૂકવણી નહીં કરવાના મામલામાં આ ધારાધોરણ રાખવામાં આવ્યા છે. કસ્ટમ એક્ટની કલમ ૧૩૫ હેઠળ ઓછામાં ઓછા ચાર ગુનાઓને બિનજામીનપાત્ર રાખવામાં આવ્યા છે. જેમાં કોઈ પણ ચીજવસ્તુઓની નિકાસ અથવા આયાતનો સમાવેશ ખાય છે જે આ કાયદાની જોગવાઈ મુજબ જાહેર કરવામાં આવી નથી. અથવા તો જેની બજાર કિંમત એક કરોડથી વધારેની છે આમાં જણાવવામાં આવ્યુ છે કે જો એક વ્યક્તિ જાણી જોઈને કર ચોરી કરે છે તો તેમાં પણ કઠોર જોગવાઈ રાખવામાં આવી છે. આ હિલચાલ એવા સમયે હાથ ધરવામાં આવી છે જ્યારે ટેક્સ વસૂલાતને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. એક્સાઈઝ અને કસ્ટમ ડ્યુટીની બજેટ વસૂલાત કરતા ઓછી વસૂલાત નોંધાઈ છે. બજેટ પેપરોમાં જણાવ્યા મુજબ વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન કસ્ટમ વસૂલાત ૧.૮૭ લાખ કરોડના ટાર્ગેટ સામે ૧.૬૫ લાખ કરોડ નોંધાઈ છે. એક્સાઈઝ ડ્યુટીના કેસમાં આ આંકડો ૧.૭૨ લાખ



કરોડની આસપાસ છે જે ૧.૯૪ લાખ કરોડના લક્ષ્યની સરખામણીમાં ઓછો છે. જો કે હકારાત્મક બાબત એ છે કે સર્વિસ ટેક્સ વસૂલાતનો આંકડો ૧.૨૪ લાખ કરોડના બજેટ અંદાજ સામે ૧.૩૩ લાખ કરોડનો છએ. નાણાં મંત્રી પી ચિદમ્બરમે હાલમાં જ એમ કહ્યુ હતુ કે ફાઈનાન્સ બિલ ઉપર ચર્ચા દરમિયાન ઘણા બધા પગલાની જાહેરાત કરવામાં આવશે. ચિદમ્બરમ દ્વારા આજે ફાઈનાન્સ બિલ ૨૦૧૩ રજુ કરી દેવામાં આવ્યુ છે જેમાં કઠોર જોગવાઈઓને આવરી લેવામાં આવી છે. દરમિયાન ભારતીય કંપનીઓ સાથેની બેઠકમાં ચિદમ્બરમે કહ્યુ હતુ કે ૨૦૧૨-૧૩ના નાણાંકીય વર્ષ માટે જીડીપીના ૫.૨ ટકા સુધી ભારતની મહેસૂલ ખાદ્ય લાવવાનો પ્રયાસ કરાશે. તેમણે ઉમેર્યુ હતુ કે સંસદમાં બેજટ ઉપર ચર્ચા દરમિયાન નવા પગલા જાહેર થઈ શકે છે. તેમણે ઉમેર્યુ હતુ કે વર્તમાન ખાતાકીય ખાદ્ય મહેસૂલી ખાદ્ય કરતા ઓછી છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે વ્યાજદર ઘટાડવામાં આવશે. આરબીઆઈના ગવર્નર આ સંબંધમાં પગલા લઈ શકે છે. ડ્યુટીમાં ત્રણ ટકાના વધારાથી એસયુવીની માગ ઘટશે નહીં. આ માંગ હાલ વ્યાજદરના કારણે ઓછી છે. જો કે તેમણે ઉમેર્યુ હતુ કે એસયુવી પર ટેક્સમાં વધારો નોનો છે. ખરીદારોને સબસીડી ડિઝલની દષ્ટીએ મોટો ફાયદો થશે.

## હૈદરાબાદ બ્લાસ્ટ : રાચીમાં એક શખ્સની ધરપકડ કરાઈ

રાચી,તા. ૪

હૈદરાબાદ બ્લાસ્ટના સંબંધમાં આખરે તપાસ સંસ્થાઓને પ્રથમ સફળતા હાથ લાગી છે. પોલીસે બ્લાસ્ટના સંબંધમાં એક વ્યક્તિની ધરપકડ કરી લીધી છે. ઝડપાયેલા શખ્સની ઓળખ મંજર ઈમામ તરીકે કરવામાં આવી છે. પોલીસ અધિકારી વિપુલ શુક્લાએ આ અંગેની માહિતી આપી હતી પરંતુ મંજર અંગે વધારે માહિતી આપવાનો ઈન્કાર કર્યો હતો. ઈન્શનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (એનઆઈએ) દ્વારા છેલ્લા બે વર્ષથી આ શખસની શોધખોળ ચાલી રહી હતી. અમદાવાદ બ્લાસ્ટના સંબંધમાં આ શખસની ઓળખ કરવામાં આવ્યા બાદ તેની શોધખોળ ચાલી રહી હતી. રાચીમાં આ શખસ અગાઉ બે વખત આવ્યો હતો. હૈદરાબાદના દિલસુખનગર વિસ્તારમાં હાલમાં થયેલા ટ્વીન બ્લાસ્ટમાં ૧૬ લોકોના મોત થયા હતા અને ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે દિલસુખનગર વિસ્તારમાં બ્લાસ્ટ થયા બાદ તપાસને લઈને એનઆઈએ અને પોલીસ વચ્ચે ખેંચતાણ ચાલી રહી છે. કેન્દ્ર સરકારે આદેશ આપ્યો હોવા છતાં તપાસ એનઆઈએને સોંપવાને લઈને વિખવાદ રહ્યો હતો. સીસી ટીવી કેમેરામાં તપાસ થઈ રહી છે. શકમંદોની પૂછપરછ કરવામાં આવી ચૂકી છે. જુદા જુદા વિસ્તારોમાં દરોડા પણ પડાયા છે પરંતુ બ્લાસ્ટ કોણે કર્યા તે સંબંધમાં હજુ જાણી શકાયું નથી. અમદાવાદમાં બ્લાસ્ટના સંબંધમાં પણ મંજરનું નામ સપાટી પર આવ્યુ હતુ પરંતુ એ સમયે તમામ પ્રયાસો કરાયા હોવા છતાં તેની ધરપકડ કરી શકાઈ ન હતી. બીજીબાજુ પોલીસ અધિકારીઓનું કહેવું છે કે હૈદરાબાદ બ્લાસ્ટના મામલામાં પોલીસે યાસિન ભટકલ ઉપરાંત મંજર ઈમામની પણ શોધખોળ કરી હતી. છેલ્લા ઘણા દિવસથી તેની ધરપકડ કરવા માટેના પ્રયાસો ચાલી રહ્યા હતા. મોડેથી આ શખ્સને કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. અમદાવાદ બ્લાસ્ટના મામલામાં પણ કેટલીક નક્કર કડીઓ તેની ધરપકડ બાદ હાથ લાગી શકે છે જો કે પોલીસ હજુસુધી આ મામલામાં વધુ વિગત આપવા તૈયાર નથી. રિમાન્ડના ગાળા દરમિયાન તેની પાસેથી વધુ વિગત ખુલી શકે છે.

# પ્રણવ મુખર્જીની હોટલની બહાર બાંગ્લાદેશમાં બ્લાસ્ટ

ઢાકા, તા. ૪

ભારતના રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી બાંગ્લાદેશના ત્રણ દિવસના રાજકીય પ્રવાસે છે. ઢાકામાં રાષ્ટ્રપતિ જે હોટલમાં ઉતર્યા છે. તેની બહાર દેશીબોંબ ફેંકવામાં આવ્યો હતો.

આ ઘટનાના એક દિવસ અગાઉ કટ્ટરપંથી સંગઠન જમાત એ ઈસ્લામી દ્વારા ૧૯૭૧ના યુદ્ધ અપરાધના મામલામાં તેના ટોચના નેતાઓને સજા આપવાના વિરોધમાં ૪૮ કલાકની હડતાલનું આહવાન કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી ઢાકાની મુલાકાતે છે. તેઓ ઢાકામાં જે હોટલમાં ઉતર્યા છે તે સોનાર ગામ પૈનપૈસિફિક હોટલની બહાર આજે ઓછી તીવ્રતાવાળો એક દેશી બોંબ નાંખવામાં આવ્યો હતો. તેજગામ પોલીસ સ્ટેશનનો હવાલો સંભાળતા અપૂર્વ હસને જણાવ્યું હતું કે, લગભગ ૨ કલાકે થયેલા આ વિસ્ફોટમાં કોઈ જાનહાનિ નથી થઈ.

તેમણે જણાવ્યું હતુંકે, ૨ લોકો મોટરસાયકલ પર આવ્યા હતા. તેમણે હોટલથી લગભગ ૫૦ ફૂટના અંતરે આવેલા દક્ષેશ ફાઉન્ડેશનની પાસે ટોપીમાં લપેટેલો એક બોંબ ફેંક્યો હતો. આ બે શખ્સોને બોંબ



નાંખી નાસી જવામાં તેમને સફળતા મળી હોવાના કારણે કોઈની પણ ધરપકડ થઈ શકી નથી.

આ ઘટના ઘટ્યા બાદ હોટલની આસપાસની સુરક્ષામાં વધારો કરી દેવામાં આવ્યો છે.

રાષ્ટ્રપતિના પ્રેસ સચિવ વેણુ રાજમણિએ એક નિવેદનમાં જણાવ્યું હતુંકે, બાંગ્લાદેશના અધિકારીઓને આ અંગે જાણ કરી દેવામાં આવી છે.

નિવેદનમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે. પ્રતિનિધિમંડળના કોઈપણ સભ્યે કોઈપણ વિસ્ફોટનો અવાજ સાંભળ્યો નથી. તેમજ આ પ્રકારની ઘટના ઘટી હોવાની તેમને કોઈ જાણ નથી.

નિવેદનમાં જણાવ્યું છે કે ભારતીય સુરક્ષા અધિકારીઓનું માનવું છે કે આ માત્ર નાનકડો ધડાકો હતો. બાંગ્લાદેશમાં હડતાલ દરમિયાન આ પ્રકારના નાના વિસ્ફોટનો ધડાકો સામાન્ય બાબત છે. તેને બોંબનો ધડાકો ન કહી શકાય.

નિવેદનમાં એમ પણ જણાવાયું છે કે જે હોટલમાં રાષ્ટ્રપતિ ઉતર્યા છે તે હોટલની આસપાસનું જીવન સંપૂર્ણપણે સામાન્ય છે. રાષ્ટ્રપતિએ સવારે ઢાકા યુનિવર્સિટીમાં ખુલ્લા મંડપ નીચે ૧૦ હજાર વિદ્યાર્થીઓને સંબોધ્યા હતા. બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ અને યુનિ.ના કુલપતિ દ્વારા તેમને ડોક્ટરોની માનદ ઉપાધિથી સન્માનિત કરાયા હતા.

## કેજરીવાલ સસ્તી વિજળી માટે આંદોલન હાથ ધરશે

નવી દિલ્હી,તા. ૪

સામાજિક આંદોલન કર્યા બાદ રાજનીતિના મેદાનમાં કૂદી ચુકેલા આમ આદમી પાર્ટીના પ્રમુખ અરવિંદ કેજરીવાલે ૨૩મી માર્ચથી દિલ્હીમાં અનશન કરવાની જાહેરાત કરી દીધી છે. અરવિંદ કેજરીવાલ આ વખતે વિજળીના વધતા દર સામે આંદોલન કરનાર છે. વિજળી બિલ વધી જવાના



કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. આમ આદમી પાર્ટીના પ્રમુખ કેજરીવાલે કહ્યુ છે કે તેઓ વિજળી અને પાણીની વધતી કિંમત સામે આંદોલન કરનાર છે. દિલ્હીના મુખ્યમંત્રી શિલાદીક્ષિત પણ વિજળી કંપનીઓ સાથે મળેલા છે. આ જ કારણસર વિજળી કંપનીઓ આડેધડ કામગીરી કરી રહી છે. તમામ ઈચ્છિત નિર્ણયો લઈ રહી છે. કેજરીવાલે આંદોલન છેડવાની જાહેરાત કર્યા બાદ વિજળી સાથે સંકળાયેલા વિભાગમાં ખળભળાટ મચી ગયો છે. અરવિંદનું કહેવું છે કે દિલ્હીમાં પાણી અને વિજળીના બિલ વધી જવાનું મુખ્યકારણ ભ્રષ્ટાચાર છે. લોકો ભયભીત થયેલા છે. લોકોમાં એકતાનો અભાવ દેખાઈ રહ્યો છે જેનો સીધો ફાયદો સરકારને થયો છે. તેમણે ઉમેર્યુ હતુ કે દિલ્હીમાં પાણી અને વિજળીના બિલ ગેરકાયદેરીતે આવી રહ્યા છે.

## લોભામણી મૂડીરોકાણ સ્કીમો બદલ ૮૭ કંપની વિરુદ્ધ તવાઈ

નવી દિલ્હી,તા. ૪

કોર્પોરેટ બાબતોના મંત્રાલયનું કહેવું છે કે છેતરપિંડી કરી શકે તેવી મૂડીરોકાણ સાથે સંબંધિત સ્કીમ તરતી મુકવા બદલ કંપનીઓ સામે ફરિયાદ બાદ ૮૭ કંપનીઓ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. કોર્પોરેટ બાબતોના પ્રધાન સચિન પાઈલોટે આજે આ મુજબની માહિતી આપી હતી. તેમણે ઉમેર્યુ હતુ કે છેતરપિંડી કરી શેક તેવી મૂડીરોકાણની સ્કીમ રજુ કરીને લોકો સાથે છેતરપિંડીના મામલામાં વધુ કાર્યવાહી થઈ રહી છે. કેન્દ્ર સરકારે આવી પ્રક્રિયા અને કૃત્ય આચરનાર સામે ગંભીર પગલા લેવા રાજ્યોને સૂચના આપી છે સાથે સાથે જાગૃતિ ઝુંબેશ અને તકેદારી વધારી દેવામાં આવી છે. આવી ઠગાઈ કરતી મૂડીરોકાણની સ્કીમ હાથ ધરનાર કંપનીઓ સામે લેવામાં આવેલા પગલા અંગે કોર્પોરેટ બાબતોના પ્રધાન સચિન પાઈલોટે કહ્યુ હતુ કે તપાસ અને નિરીક્ષણની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. સચિન પાઈલોટે કહ્યુ હતુ કે મંત્રાલય દ્વારા આ મુદ્દે રાજ્યોના મુખ્યમંત્રીઓને પણ કહેવામાં આવ્યુ છે. પ્રાઈઝચિટ્સ એક્ટ હેઠળ કઠોર પગલા માટે સૂચના આપવામાં આવી છે. રાજ્યસભામાં એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યુ હતુ કે નાણામંત્રીને પણ તેઓ પત્ર લખી ચુક્યા છે. નાણાંમંત્રાલયે પ્રાઈઝચિટ્સ એન્ડ મની સરક્યુલેશન સ્કીમ એક્ટ હેઠળ મોડલ નીયમો મોકલ્યા છે. જાહેરનામા માટે રાજ્ય સરકારોને આ મોડલો મોકલવામાં આવ્યા છે. સેબીને પણ તકેદારી રાખવા માટે કહેવામાં આવ્યું છે. સિરિયલ ફ્રોડ ઈન્વેસ્ટીગેશન ઓફીસ એસએફઆઈઓમાં માર્કટ રિસર્ચ એન્ડ એનાલિસિસ યુનિટને પણ સૂચના આપવામાં આવી છે.

## ખાદ્ય સુરક્ષા સબસિડીમાં કાપ નહીં : મોન્ટેકસિંહ આહલુવાલિયા

નવીદિલ્હી,તા. ૪

કેન્દ્રીય આયોજન પંચના અધ્યક્ષ મોન્ટેકસિંહ આહલુવાલિયાએ જણાવ્યું છે કે, ખાદ્ય સુરક્ષાને સબસિડી બજેટમાં પ્રાથમિકતા અપાવવી જોઈએ અને જો સરકાર પાસે સબસિડી આપવી સંભવ ન હોય તો અન્ય સબસિડીમાં પણ કાપ મૂકીને ખાદ્ય સુરક્ષામાં સબસિડી અપાવવી જોઈએ. તેમણે સ્પષ્ટતા કરી હતી કે,



આ બાબત સરકારની નીતિમાં નથી પરંતુ મારો અંગત મત છે. મારું માનવું છે કે, ખાદ્ય સુરક્ષાને સબસિડી બજેટમાં અગ્રીમ સ્થાન અપાવવું જોઈએ. આહલુવાલિયાએ બજેટ બાદ સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં જણાવ્યું હતુંકે,ખાતરમાં અપાતી સબસિડીને ઘટાડીને અડધી કરી દેવી જોઈએ કારણ કે ખાતરના કારણે માટીના પોષકતત્વો પ્રભાવિત થઈ રહ્યા છે અને રાસાયણિક ખાતરોમાં યુરિયા પર સરકાર મોટી સબસિડી આપી રહી છે.

રાસાયણિક ખાતરો પરની સબસિડીને કારણે વપરાશ વધશે પરિણામે ખેતી અને જમીન બંનેને નુકસાન પહોંચશે. હું આ વાત એટલા માટે કહી રહ્યો છું કે, અમે રાસાયણિક ખાતર ઉપરની સબસિડીમાં કાપ મૂકવાની વાત કહી રહ્યા છે.

## આબકારી જકાત વધવાથી દવાઓ મોંઘી થવાની સંભાવના

મુંબઈ, તા. ૪

નાણાંપ્રધાન પી. ચિદમ્બરમે બજેટમાં ફોર્મ્યુલેશન પર લાગતી આબકારી જકાત ૫ ટકાથી વધારીને ૬ ટકા અને જથ્થા બંધ દવાઓ પર આબકારી જકાત ૧૦થી વધારી ૧૨ ટકા કરવાની જાહેરાત કરતા. દવાબજારમાં ખળભળાટ મચી ગયો છે. અને દવાઓ મોંઘી થશે તેવી સંભાવના ઉપસ્થિત થઈ છે.

રેટિંગ એજન્સી ક્રિસિલ દ્વારા કરવામાં આવેલા બજેટ વિશલેષણમાં જણાવ્યા પ્રમાણે આબકારી જકાતમાં થનારા વધારાને ભારતીય ફાર્માસ્યુટીલ કંપનીઓ દ્વારા ગ્રાહકો ઉપર નાખવામાં આવશે એટલે કંપનીઓ ઉપર તેની અસર નહી પડે પણ જનતાને તેનો ભાર પડશે. કસ્ટમ ડયુટીમાં જે ૫ ટકા છૂટછાટ હતી તે ૬ જીવનરક્ષક દવાઓ વિકસિન સુધીની અને આ દવાઓના ઉત્પાદન માટે વપરાશી બલ્ક ડ્રગ સુધી લંબાવવામાં આવી છે. જો કે ઉદ્યોગ જગત ઉપર આની અસર તટસ્થ રહેશે કારણ કે ભારતીય ફાર્મા બજારમાં આ દવાનો હિસ્સો સાવ નજીવો છે. આંતરિક આરએનડી ખર્ચ માટે ૨૦૦ ટકા વેટેડ કપાતને પાંચ વર્ષ સુધી લંબાવવાથી ભારતીય ફાર્મા કંપનીઓને માત્ર નજીવો લાભ મળશે. કારણ કે કંપનીઓના ચોખ્ખા વેચાણમાં સરેરાશ આરએનડી ખર્ચ ૫ ટકા કરતા ઓછો છે.

ફાર્મા ઉદ્યોગ જગત મજબૂત છે અને સારો વૃદ્ધિ દર જાળવી રાખશે. ૨૦૧૩-૧૪માં ભારતનો ફાર્મા ઉદ્યોગ વાર્ષિક ધોરણે ૧૩ થી ૧૪ ટકા મજબૂત વૃદ્ધિદર હાંસલ કરીને ૩૬થી ૩૭ અબજ ડોલરના સ્તરે હાંસલ કરે તેવી ધારણા રેટીંગ એજન્સીએ મૂકી છે. આ વર્ષ દરમિયાન નિકાસના વાર્ષિક ધોરણે ૧૭ ટકા જેટલી વૃદ્ધિ થવાની ધારણા મૂકાય છે.

## સમાચાર ઝલક

- ચીનમાં ૫.૫ની તીવ્રતાનો ફરી પ્રચંડ ભુકંપ.
- અન્ન સુરક્ષા સબસીડીમાં, કાપ ન મુકવા સુચન - મોન્ટેકસિંહ આહલુવાલિયા
- બ્રાઝિલમાં નાઇટ કલબમાં આગ લાગતાં ૨૪૦ લોકોનાં મોત નિપજ્યાં.
- ગુજરાત એટીએસ ટીમ દ્વારા સીમીનાં બે કાર્યકરોની કસ્ટડી મેળવવા કાર્યવાહી.
- નામદાર ડો. સૈયદ સાહેબના ૧૦૨માં જન્મદિનની ઉજવણી દીર્ઘાયુ માટે દુઆ, મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પણ શુભેચ્છા અર્પી.
- રાજકોટમાં ૨૧ માળની ઇમારત બનશે, રાજકોટના બિલ્ડરને મંજૂરી.
- રાજ્યમાં ૧૭.૫૮ લાખ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે. ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને પ્રશ્નપત્રમાં ૧૫ મિનિટ વધુ ફાળવાશે.
- વિશ્વની સૌથી ઊંચી ૭૨ માળની ટ્વીન ટાવર હોટલ દુબઇમાં ખુલ્લી મુકાઇ.
- હિંસા વચ્ચે બાંગ્લાદેશમાં ભારતનાં રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જીનું સન્માન કરાયું.
- સ્વાતંત્ર્ય સેનાનીને પેન્શન મેળવવા કોર્ટને આદેશ કરવો પડ્યો.
- શતાબ્દી એક્સપ્રેસમાં નાસ્તામાં ખીલી નીકળી, યાત્રીના મોઢામાં પેસી ગઇ.
- મોટી ટેક્ષ ચોરી કરનારને બીનજામીન જોગવાઇવાળા કાયદો લાગુ પડશે.
- શ્રી મોરારજીભાઇ દેસાઇનો પ્રપૌત્ર રાજકારણમાં પ્રવેશ કરશે.
- અલકાયદાની મોસ્ટ વોન્ટેડની યાદીમાં સલમાન રશ્દી.
- દક્ષિણ ગુજરાત મહુવા તાલુકાનાં પૂર્ણા ગામે દીપડી વાહનની અડફેટે આવતાં મોત થયું.
- ટ્રાફિક નિયંત્રણની બાબતે અમદાવાદ શહેર જાપાનના માર્ગે જશે.
- ભારતની પ્રથમ મહિલા બેંક શરૂ કરતાં અગાઉ અનેક પડકારો સામનો કરવો પડશે.
- ચા-કોફી, લોટ, ખાંડ, સાબુ, ડિયોડ્રન્ટ સર્વિસ ટેક્ષમાંથી મુક્ત.

## ફ્લાય ઓવરથી ગેસ ટેન્કર પડતા ૧નું મોત

મુંબઈ,તા. ૪

મુંબઈના ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર વહેલી પરોઢે એક વાગે માનખુર્દની નજીક એક ગેસ ટેન્કર સંતુલન ગુમાવી દીધા બાદ બ્રીજની નીચે પડી જતા ભીષણ આગ ફાટી નીકળી હતી. આ બનાવમાં એકનું મોત થયુ છે. ટેન્કર બ્રીજની નીચે પડ્યા બાદ પ્રચંડ બ્લાસ્ટ થયો હતો અને વિનાશકારી આગ ફાટી નીકળી હતી.

અવાજની સાથે જ આસપાસના લોકો એકત્રિત થઈ ગયા હતા. પરંતુ આગના કારણે કેટલાક લોકો સકંજામાં આવી ગયા હતા. પોલીસ અને સ્થાનિક લોકોની મદદથી તમામ ૧૬ ઘાયલોને શતાબ્દી અને અન્ય હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં એક વ્યક્તિનું મોત થયુ હતુ. મુંબઈ ફાયરબ્રિગેડ દ્વારા એકના મોતના અહેવાલને સમર્થન મળી ગયુ છે. ટેન્કરમાં આગ ફાટી નીકળ્યા બાદ આગ ઉપર કાબૂ મેળવવા માટે ૨૦થી વધુ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

## પંજાબમાં સ્કૂલ બસ ટ્રક સાથે ટકરાતાં ૧૨ બાળકોના મોત

જલંધર,તા. ૪

પંજાબમાં જલંધર નજીક આજે વહેલી સવારે એક સ્કૂલી બસ ટ્રક સાથે ટકરાઈ જતાં સ્કૂલ બસમાં મુસાફરી કરી રહેલ ઓછામાં ઓછા ૧૨ બાળકોના મોત થઈ ગયા હતા અને અન્ય ૧૪ બાળકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાનું જાણવા મળ્યું છે જેથી મોતનો આંકડો હજુ પણ વધવાની શક્યતા દેખાઈ રહી છે. બનાવ બાદ બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. અકસ્માતમાં ઘાયલ થયેલા વિદ્યાર્થીઓને તાત્કાલિક ધોરણે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જલંધર જિલ્લામાં આવેલી હોસ્પિટલોમાં ઈજાગ્રસ્તો સારવાર હેઠળ છે. અહેવાલમાં જણાવાયું છે કે ટ્રક માર્ગની ખોટી બાજુએ જઈ રહી હતી જેથી સામ સામે અથડામણ થઈ હતી. અકાલ એકેડમીની આ સ્કૂલી બસ અને ટ્રક વચ્ચે અકસ્માત બાદ વાલિઓમાં પણ ભારે દહેશત દેખાઈ હતી. જલંધર નજીક રાજમાર્ગ ઉપર સવારે ૮ વાગ્યાની આસપાસ આ બનાવ બન્યો હતો. તે વખતે સ્કૂલી બસ બાળકોને લઈને સ્કૂલ તરફ જઈ રહી હતી. ત્યારે આ બનાવ બન્યો હતો. વધુ વિગત હજુ મળી શકી નથી. ઘાયલ થયેલા અને મૃત્યુ પામેલા વિદ્યાર્થીઓની ઓળખ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ દુર્ઘટના એટલી પ્રચંડ હતી કે સાત બાળકોના ઘટના સ્થળે જ મોત થઈ ગયા હતા. જ્યારે અન્ય ૧૪ને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત બાદ આગ લાગી ગઈ હતી. પોલીસનું કહેવું છે કે ઘાયલ બાળકોને શ્રેષ્ઠ સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. પોલીસ દ્વારા તપાસ શરૂ થઈ ચૂકી છે.

## હૈદરાબાદ ટેસ્ટમાં ભારતીય ટીમે કુલ ૫૦૩ રન ખડક્યા

હૈદરાબાદ,તા. ૪

હૈદરાબાદના રાજીવગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિમય ખાતે રમાઈ રહેલી બોર્ડર-ગવાસ્કર ટ્રોફીની બીજી ટેસ્ટ મેચના ત્રીજા દિવસે રમત બંધ રહી ત્યારે ઓસ્ટ્રેલિયાએ તેના બીજા દાવમાં બે વિકેટે ૭૪ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયા હજુ પણ ૧૯૨ રન પાછળ છે અને તેની આઠ વિકેટ હાથમાં છે. તે જોતા આ ટેસ્ટ મેચ હવે રોમાંચક તબક્કામાં પહોંચી ગઈ છે. ઓસ્ટ્રેલિયા પર હારનું સંકટ તોળાઈ રહ્યુ છે. અગાઉ આજે સવારે ભારતીય ટીમ તેના પ્રથમ દાવમાં ૫૦૩ રન બનાવી ઓલ આઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી પુજારાએ સૌથી વધુ ૨૦૪ રન બનાવ્યા હતા. પુજારાએ ૩૪૧ બોલનો સામનો કરીને ૩૦ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૨૦૪ રન બનાવ્યા હતા. પુજારાએ ૪૧૫ મિનિટ સુધી વિકેટ પર રહ્યો હતો. આ ઉપરાંત મુરલીવિજયે ૪૭૩ મિનિટ સુધી વિકેટ પર રહીને ૩૬૧ બોલમાં ૨૩ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૧૬૭ રન કર્યા હતા. સચિન તેન્ડુલકર આજે સસ્તામાં આઉટ થયો હતો. માસ્ટર બ્લાસ્ટર માત્ર સાત રન બનાવી શક્યો હતો. જ્યારે શાનદાર ફોર્મમાં રહેલા વિરાટ કોહલી ૩૪ અને ધોની ૪૪ રન સાથે અણનમ રહ્યા હતા. ભારતીય ટીમ તેના પ્રથમ દાવમાં ૫૦૩ રન બનાવી ઓલ આઉટ થઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયા તરફથી મેક્સવેલ ૧૨૭ રન આપી ચાર વિકેટ ઝડપી હતી જ્યારે દોહેર્ટીએ ૧૩૧ રન આપી ત્રણ વિકેટ ઝડપી હતી. આ ઉપરાંત પેટિન્સને ૮૦ રન આપી બે વિકેટ ઝડપી હતી. આ ટેસ્ટ મેચ હવે અતિ રોમાંચક તબક્કામાં પ્રવેશી ગઈ છે. આવતીકાલની રમત ખૂબજ મહત્વપૂર્ણ સાબિત થઈ છે. ઓસ્ટ્રેલિયાને એક બાજુ આ ટેસ્ટ મેચ બચાવવા માટે આવતીકાલે દિવસભર બેટિંગ કરવી પડશે. આ ઉપરાંત ભારત ઉપર લીડ પણ મેળવવી પડશે. ઓસ્ટ્રેલિયા પાસે હજુ ક્લાર્ક, વાડે જેવા બેટ્સમેન બાકી હોવાથી ટેસ્ટ મેચ બચાવવાની તક રહેલી છે પરંતુ ચોથી ઈનિગ્સમાં લાંબા સમય સુધી ભારતીય સ્પીનરો સામે ટકી રહેવાની બાબત ખૂબજ પડકારરૂપ સાબિત થઈ શકે છે.